આસપાસ ચોપાસ
મંગળવાર 04 જૂન, ૨૦૨૪

સારી ખેતી ધરાવતા આ ગામમાં કોમી એખલાસ પણ ઊડીને આંખે વળગે એવો, સાક્ષરતાનું પ્રમાણ પણ ઊંચું, અંબિકા નદીના કિનારે વસેલું સોનવાડી ગામ ૪૬૮ હેક્ટરમાં પથરાયેલું છે, ગામની વસતી 1924 જેટલી છે

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## સોના જેવી ફળદ્રુપ જમીન ઉપર સોનું કમાવી આપે એવા આંબા અને ચીકુવાડી હોવાને કારણે ઓળખ પામેલું ગામ એટલે ગણદેવીનું

# સોનવાડી







ચોમાસાના ચાર મહિના ખળખળ વહેતી અને બાકીના દિવસોમાં સાવ સ્થિર રહેતી અંબિકા નદીના કિનારે વસેલું સોનવાડી ગામ ગણદેવી તાલુકાનું સમૃદ્ધ ગામ છે. સોનાની વાડી પરથી અપભ્રંશ થઇને સોનવાડી તરીકે જાણીતું થયેલું આ નાનકડું ગામ નદીના કિનારે વસેલું ગામ હોવાને કારણે જમીન ઘણી જ ફળદ્રુપ છે. તેના કારણે ગામ મહદ્ અંશે ખેતીવાડીનું ગામ છે. કદાચ, સોના જેવી ફળદ્રુપ જમીન ઉપર સોનું કમાવી આપે એવી આંબા અને ચીકુવાડી હોવાને કારણે જ ગામનું નામ સોનવાડી પડ્યું હશે, એવું કહી શકાય.

અઢી વર્ષ પહેલાં બિનહરીફ સરપંચ ચુંટાયેલાં કલ્પનાબેન આર. હળપતિના નેજા હેઠળ ઉપસરપંચ તરીકે કાજલબેન હળપતિ તથા બીજા વોર્ડ સભ્યો સાથે મળીને વિકાસનાં કામો કરતા રહે છે. હાલમાં ઇનચાર્જ તલાટી તરીકે કેતન પટેલ કાર્યભાર સંભાળે છે. સોનવાડી ગામની વસતી 1924 છે. સાવ નાનકડાં ગામમાં પણ મહિલાઓની સરખામણીએ પુરુષોની વસ્તી વધુ છે. ગામમાં મહિલાઓની વસતી 954 છે, જ્યારે પુરુષોની વસતી 970 છે. જો કે, ગામનો સાક્ષરતા દર 97 ટકા છે, જે એક નાના ગામ માટે એક મહત્ત્વની સિદ્ધિ કહી શકાય. સાક્ષરતાનું પ્રમાણ ઊંચું હોવાને કારણે જ પ્રગતિશીલ ખેડૂતો અહીં ખાસ્સી પ્રગતિ કરી શક્યા છે. સારી ખેતી ધરાવતા આ ગામમાં કોમી એખલાસ પણ ઊડીને આંખે વળગે એવો છે. ગામમાં અનાવિલો, પટેલો, હળપતિ, માછી તથા મુસ્લિમોની બહુધા વસતી છે. ઉપરાંત જૈન તથા બ્રાહ્મણ પરિવારો પણ છે. હળપતિઓના ઉત્થાન માટે તો દાયકાઓ પહેલાંથી પ્રયાસો થતા જ રહ્યા છે. ગામના ગાંધીવાદી ઠાકોરભાઇ વશીએ હળપતિ સમાજના ઉત્થાન માટે કરેલી કામગીરીને હળપતિ સમાજ યાદ કરતો હોય છે.

ગણદેવી તાલુકા પંચાયતના માજી સભ્ય શૈલેશ હળપતિએ પણ ગામના વિકાસ અને લોકોના ઉત્થાન માટે સારી સેવા પૂરી પાડી હતી. સોનવાડી ગામ હજારથી વધુ વર્ષ પુરાણું છે. અહીંના મંદિરમાં જોવા મળતા કોતરણીવાળાં લાકડાં પરનાં લખાણ પરથી તેની વયનો અંદાજ માંડી શકાય છે. સોનવાડીનો સાક્ષરતા દર ઊંચો હોવાનો પાયો તો છેક ગાયકવાડ શાસન દરમિયાન નંખાયો હોવાનું કહી શકાય. ઓછી વસતી ધરાવતા આ ગામમાં ગાયકવાડ શાસન દરમિયાન ૧૯૨૭માં શેઠ ગોવનદાસ કહાનદાસ શાહે સાત ધોરણની શાળા માટે જમીન આપી હતી, તો અબ્બાસ અલી તાઇના મિત્ર કસલીબલાએ ૧૯૭૫માં ગ્રામ સેવા સમિતિ માટે નાટકનો શો કર્યો હતો, તેમાંથી જે આવક થતાં ગ્રામ સેવા સમિતિએ પ્રાથમિક શાળાના બે ઓરડા તૈયાર કરાવ્યા હતા. શિક્ષણની મશાલ જ લોકોની તમામ સમસ્યા દૂર કરી શકે એવું સમજી ગયેલા સોનવાડીના પૂર્વજોએ ગામમાં શિક્ષણની સારી સુવિધા મળે એ દિશામાં સફળ પ્રયાસ કર્યા હતા. એ તમામના પ્રયાસોને કારણે જ સોનવાડી ગામે જુના જમાનાથી પાંચમા ધોરણથી અંગ્રેજી ભણાવતી



શૈલેષભાઈ હળપતિ
માજી સભ્ય



કાજલબેન હળપતિ
ઉપસરપંચ



કલ્પનાબેન હળપતિ
સરપંચ

શાળા હતી. એ સમયે શાસકને પણ શિક્ષણના મહત્ત્વની દૂરંદેશીતા હતી. એ કારણે જ ગાયકવાડી સમયમાં શિક્ષણ ફરજિયાત કરાયું હતું અને તેને પગલે જો કોઇ બાળક ગેરહાજર રહે તો તેના વાલીને દંડ થતો. શિક્ષણ એક શિસ્ત તરીકે સ્વીકારાયું હોવાને કારણે જ આજે ગામમાં ઉચ્ચ ડિગ્રીવાળા લોકોની સંખ્યા વધુ છે. જો કે, આજે ગામમાં પ્રાથમિક શાળા છે, પણ હાઇસ્કૂલ માટે નજીકના ગડત ગામે બાળકો ભણવા જાય છે. અહીંની પ્રાથમિક શાળા ગરીબોનાં બાળકોને શિક્ષણ આપવા પૂરતી જ સીમિત થઇ ગઇ છે. નાણાં ખર્ચી શકે એવા પરિવારનાં બાળકો તો આસપાસની બીજી ખાનગી કે સરકારી હાઇસ્કૂલમાં ભણવા જતા જોવા મળે છે.

દાયકાઓ પહેલાં પોલીસ પટેલની પરંપરા ચાલતી હતી, એ સમયે ગામના છોટુભાઇ નાયક, રણછોડભાઇ છીબાભાઇ નાયક અને ગુલામભાઇ તાઇએ પોલીસ પટેલ તરીકે સેવા આપીને ગામના લોકોને ઉપયોગી સાબિત થયા હતા. આ ગાયકવાડી ગામમાં હવે તો પંચાયતી રાજ છે અને સાત વોર્ડની ગ્રામ પંચાયત શાસન કરે છે. અંબિકા નદીના કિનારે વસેલું સોનવાડી ગામ ૪૬૮ હેક્ટરમાં પથરાયેલું છે. આ નાનકડું ગામ આઠ ફળિયાં ગોલા ફળિયું, પીપળા ફળિયું, વાણિયાવાડ, વાંસીયા ફળિયું, ગંગેશ્વર ફળિયું, પિસ્તાળીસ ફળિયું, નાગદા ફળિયું અને ખાડી ફળી વિસ્તારનો સમાવેશ થાય છે. આ નામો જોતાં ગામમાં વાણિયા ફળિયું હતું, તેથી એક સમયે ગામમાં જૈનોની સારી એવી વસ્તી હોવી જોઇએ, પરંતુ અત્યારે તો એક જ પરિવાર ગામમાં રહે છે. બાકીના જૈનો આજુબાજુ સ્થળાંતરિત થઇ ગયા હોવા જોઇએ. ગામમાં અનાવિલ, પટેલ, હળપતિ, માછી, મુસ્લિમ સમાજના લોકો રહે છે. ગામના યુવાનો નવસારી, સુરત અને વાપીએ નોકરીએ જાય છે. મહિલાઓ અથાણાં-પાપડ અને પશુપાલનનો વ્યવસાય કરે છે.

ગ્રામ પંચાયતમાં વાઇફાઇની સુવિધા છે. સોનવાડી ગામના રાકેશભાઈ તેમના પિતાનો ધંધો આગળ વધારી સોનવાડીનો પ્રસિદ્ધ ગોળ બનાવી વેચે છે. વિદેશમાં વસેલા ગામના લોકોનો ફાળો નોંધનીય છે. ગામનો વિદેશી પરિવાર સનત ધીરુભાઈ નાયક (યુએસએ) દ્વારા કાકા-કાકીના સ્મૃતિના ભાગરૂપે આર.ઓ. પ્લાન્ટના મુખ્ય દાતા છે. રોટરી ક્લબ ગણદેવી દ્વારા પ્રાથમિક શાળામાં સ્માર્ટ બોર્ડ, રેઇનકોટ, નોટબુક અને સ્વેટરનું વિતરણ કરવામાં આવે છે. ગામમાં દર વર્ષે મેડિકલ કેમ્પનું આયોજન રોટરી ક્લબ ગણદેવી, લાયન્સ તથા ગામના યુવકમંડળ અને અન્ય ધાર્મિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. ગામમાં દૂધની ડેરી આવી છે. જેના પ્રમુખ જગદીશભાઈ રણછોડજી છે. ડેરીમાંથી રોજનું 400 લીટર દૂધ વસુંધરા ડેરીમાં મોકલવામાં આવે છે. સોનવાડીના ખેડૂત પુત્ર ડો.કમલ વશી વાપીમાં આવેલી મંગલમ ફાર્માસ્યુટિકલના પ્રેસિડન્ટ છે. ડબ્લ્યૂએચઓ જિનિવામાં ભાગ લીધો છે. ગામના માજી સરપંચ અને ખેડૂત સંદીપભાઈ નાયકને ગુજરાત રાજ્ય અને નવસારી કૃષિ યુનિ. દ્વારા ઇનોવેટિવ ફાર્મરનો એવોર્ડ એનાયત થયો છે.

ગામના વિકાસની વાત કરીએ તો અત્યારનાં સરપંચ કલ્પના હળપતિ અને તેમની ટીમના શાસનમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ, ટ્રાયબલ યોજના હેઠળ અને ગૃહ નિર્માણ હેઠળ 33 આવાસ બનાવાયાં છે, જ્યારે અન્ય 5 આવાસ બની રહ્યાં છે. ઉપરાંત ગામની ચાર આંગણવાડીમાં બ્લોક પેવિંગ કરાવ્યું અને આજુબાજુ દીવાલ બનાવવામાં આવી છે. ઉપરાંત નાગડા ફળિયામાં બે ગટર લાઈન તથા ગંગેશ્વરમાં 1 ગટરલાઈન બનાવવામાં આવી છે. કોળીવાડ, ગંગેશ્વર અને વાડી વિસ્તારમાં ડામરના રસ્તા બની ગયા છે. તો ગામના ડેરા ફળિયામાં આર.સી.સી. રોડ પણ જોવા મળે છે. તાઇવાડ અને ડેરા ફળિયામાં બ્લોક પેવિંગ થયા છે. અંબિકા નદીના પટ પર વસેલા આ ગામમાં લોકોને ઉપયોગી થઇ પડે એ માટે નદી કિનારે 2 ઓવારા બનાવવામાં આવ્યા છે. પ્રાથમિક સુવિધાથી ગામ સજ્જ છે. દરેક ઘરોમાં પાણીની સુવિધા, પાકા રસ્તાની સુવિધા, ગટરની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટની સુવિધા, શૌચાલયોની સુવિધા છે. જો કે, અંબિકા નદીના કિનારે ગામ વસેલું હોય, ધોવાણની પણ સમસ્યા વત્તેઓછે અંશે જોવા મળે છે. ગામમાં ધોવાણ અટકાવવા માટે માજી સરપંચ સંદીપ નાયક અને પૂર્વ ધારાસભ્ય પીયૂષ દેસાઇના સહયોગથી અંબિકા નદીના કિનારે 3.50 કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલ બનાવીને ગામને ખાસ કરીને હળપતિ, માછી અને મુસ્લિમોનાં ઘરોને ધોવાણથી બચાવી લીધાં છે.

સોનવાડી ખેતીપ્રધાન ગામ છે. અહીં કેરી, ચીકુ અને કેળાની ખેતી મુખ્ય છે. જો કે ભૂતકાળમાં ફણસ, આદુ, લીલીપીપરની પણ ખેતી થતી હતી. એ ઉપરાંત શિવરાત્રીના મેળામાં પ્રસાદી તરીકે વેચાતું કંદમૂળ (પિંડી) ગામની મુખ્ય ઓળખ છે. એ જ રીતે એક સમયે સોનવાડીમાં નર્સરી ઉદ્યોગ પણ ફાલ્યો હતો. એ સમયે જીવણ કીકા, રણછોડ પરાગજી અને ધીરૂ મણિ જેવા અગ્રણીઓ નર્સરી ચલાવતા હતા. જો કે પાછળથી કેટલાક કારણોસર નર્સરી ઉદ્યોગ બંધ કરી દીધો હતો અને ત્યારથી ગામમાંથી નર્સરી ઉદ્યોગ પણ નામશેષ થઇ ગયો હતો.

આજકાલ પેન્શનનો મુદ્દો ખૂબ જ ચર્ચામાં છે, ત્યારે ગણદેવી તાલુકાના પેન્શનરમંડળના પૂર્વ પ્રમુખ ઈશ્વરભાઈ નાથુભાઇએ તાલુકાના પેન્શનરોને ઘણી મદદ કરી હતી. તેઓ ગુજરાત રાજ્ય પેન્શનર મંડળના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. કેટલાય પેન્શનર આજે પણ તેમની સહાયને યાદ કરતા હોય છે. ટૂંકમાં આજે સોનવાડી ગામે ખરેખર સુખનો સૂરજ ઊગ્યો હોવાનું કહી શકાય. પડોશમાં નદી, ચોખ્ખી હવા, પ્રદૂષણનું નામોનિશાન નહીં અને સારાં ફળ-શાકભાજી મળતાં હોય, ત્યારે ગામમાં સોનાનો સૂરજ ઊગ્યો જ કહેવાય ને?



### અંબિકા નદી પર નવા પુલની કામગીરી

એમ તો જૂના જમાનાનો અંબિકા નદી પરનો પુલ સો વર્ષ ઉપર થવા છતાં કાર્યરત હતો. એ પુલ એ સમયે પણ એટલો ઊંચો બનાવાયો હતો કે અંબિકા નદીમાં મહાપૂર આવે તો પણ પુલ પર પાણી ફરી વળતા નહીં. હવે તેના કરતાં ઊંચો પુલ કાર્યરત થયો છે. ઉપરાંત જ્યારે નવસારી-ગણદેવી ફોરલેન થઇ ગયો છે, ત્યારે અંબિકા નદી પર સોનવાડી પાસે એક બીજો પુલ બની રહ્યો છે. એ સાથે જ નવી સુવિધા પણ ઊભી થશે.



### સંદીપભાઈ નાયકને નરેન્દ્ર મોદીના હસ્તે એવોર્ડ એનાયત થયો હતો





વર્ષ-2012માં સમરસ ગ્રામ પંચાયત બની, જેના સરપંચ તરીકે સંદીપભાઈ નાયક રહ્યા હતા. નરેન્દ્ર મોદીના હસ્તે તેમને એવોર્ડ પણ એનાયત થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક ગામોનાં દરેક ઘરોમાં શૌચાલય બનાવવાનું સપનું જોયું એ પહેલાં સોનવાડી ગામમાં 100 ટકા શૌચાલય બની ચૂક્યાં હતાં. અમેરિકા, જર્મની અને ઈંગ્લેન્ડ સહિતના વિદેશોથી લોકો સોનવાડીની આ સિદ્ધિને જોવા આવતા હતા. વિકાસનાં અન્ય કામોમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવાનું કામ આશરે દસ લાખના ખર્ચે થયું છે. ૧૩મા નાણાંપંચ તથા અન્ય ગ્રાંટમાંથી એ કામો થયાં છે. તો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભ્ય ગ્રાંટ અને ઇટીવીટી સ્કીમ હેઠળ મળેલી સહાયમાંથી ગામમાં અંદાજે વીસેક લાખના ડામરના રસ્તા બનાવાયા છે. હજુ ગામના આંતરિક રસ્તા તથા પેવર બ્લોકનાં કામો બાકી છે, તે ભવિષ્યમાં હાથ ધરાશે. ગામના દરેક ઘરે પાણીનાં જોડાણો અપાયાં છે. જેથી પાણી ભરવા જવા માટે બહાર જવું પડતું નથી. સંદીપ નાયકની વાત નીકળે ત્યારે એક અનોખી વાત યાદ કરવી જ પડે. ગામમાં અત્યાર સુધી અનેક સરપંચોએ સત્તા સંભાળી છે. દરેક સરપંચે ગામના વિકાસમાં કોઇને કોઇ કામગીરી બજાવી છે, પરંતુ સંદીપ નાયકના સત્તાકાળ દરમિયાન વિકાસનાં અનેક કામો તથા લોકોને મળેલી પ્રાથમિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને ગામ લોકોએ સંદીપ નાયકનું સન્માન કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સરપંચ પદેથી વિદાય થયા બાદ કોઇનું સન્માન થયું હોય એવો વિરલ બનાવના લોકો સાક્ષી બન્યા હતા.

### ગણદેવી તાલુકાની સહકારી પ્રવૃત્તિના વડલા ધીરૂભાઈ નાયક

આજે ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘ તાલુકામાં સહકારી ક્ષેત્રનો ઘેઘૂર વડલો ગણાય છે. આજે ખેડૂત અને સહકારી ક્ષેત્રે આ સંઘની અગ્રીમતા રહી છે. તાલુકાના ગરીબ કે જરૂરિયાતમંદ લોકોને સહાયભૂત થવા માટે ગણદેવી ખાતે જયકિસાન હોસ્પિટલ ચલાવે છે. આ સંઘના પહેલા મેનેજર તરીકે સોનવાડીના ધીરૂભાઇ મણીભાઇ નાયક હતા. સ્વરાજ આંદોલનના સૈનિક, ગાંધીવાદી અને ખાદીધારી એવા ધીરૂભાઇએ બી.એસસી.-બી.એડ થઇને અમદાવાદ ખાતે બેન્કમાં જોડાયા હતા. પરંતુ ગડત હાઇસ્કુલમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકની જરૂર પડતાં બેન્કની નોકરી છોડીને માતૃભૂમિની સેવા માટે શિક્ષકની નોકરી સ્વીકારી લીધી હતી. શિક્ષક જ નહીં પણ અન્ય સામાજિક પ્રવૃત્તિમાં રસ રાખતા થઇને અડધો દિવસ ગડત હાઇસ્કૂલમાં અને અડધો દિવસ ગણદેવી તાલુકા સંઘના મેનેજર તરીકે સેવા આપી હતી. ગડત મંડળીમાં સેક્રેટરી તરીકે પણ સેવા આપી હતી. તેઓ સોનવાડીના સરપંચ પણ બન્યા હતા. તેમણે સરપંચ તરીકેના કાર્યકાળમાં પણ હળપતિઓ માટે આવાસ બનાવ્યા હતા.

